

# પેથાપુરમાં ગોએન્કા હોસ્પિટલના સીટી સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર નજીક પેથાપુર-મહુડી રોડ પર પીપળજ ખાતે કાર્યરત ગોએન્કા મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના સીટી સેન્ટરનો ઉદઘાટન વિધિ નિવૃત સેક્રેટરી ફાયનાન્સ શ્રી વસંતભાઇ રાવલના શુભહસ્તે પેથાપુર બસ સ્ટેન્ડ રોડ પાસેના સિદ્દિધ વિનાયક કોમ્પ્લેક્ષ ખાતે યોજાઇ ગયો. ઉલ્લેખનીય છે કે ગોએન્કા હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં ઘણા સી.એમ.ઇ. અને મફત હેલ્થ ચેકઅપ કેમ્પોનું આયોજન કરી ૭૦૦૦ થી પણ વધુ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. ગાંધીનગર શહેર તેમજ જિલ્લાના ગ્રામ્યવિસ્તારની જનતા માટે અત્યંત આશીર્વાદ સમાન પુરવાર થયેલ ગોએન્કા હોસ્પિટલ તરફથી પેથાપુર ખાતે પ્રારંભાયેલા આધુનિક સાધનો સાથે સજ્જ આ નવા સીટી સેન્ટરમાં ગાયનેક સર્જન ઓર્થોપેડીક,ફિઝીશીયન, એનેસ્થેટીક અને પીડીયાટ્રીક ઉપરાંત મેડીકલ ઓફીસરની સેવા ફૂલટાઇમ ઉપલબ્ધ બની રહેશે.